ચૂંચૂંનગરના ચોકમાં એક દિવસ બધા જ ઉંદરો એકઠા થયા. વાત જ એવી બની હતી કે, બધાને ખૂબ નવાઈ લાગે! કંઈક એવું બન્યું હતું કે, આ પહેલાં એવું ક્યારેય ન બન્યું હોય! કોઈએ, ક્યારેય ન જોયું હોય એવું આજ જોવા મળ્યું!



બધાય ઉંદરો ધારી-ધારીને જોતા હતા અને બધાયનો એક જ સરખો સવાલ હતો : ‘આપણા ચૂંચૂંનગરમાં અચાનક આ તે શું આવી ચડ્યું?’

દેખાવમાં તો ઉંદર જેવું જ લાગે! પણ ના હલે કે ન ચાલે! ન કરે જરાય ચૂંચૂંચૂં! પૂંછડીમાં પણ થોડો ફેર!

કોઈની હિંમત નહોતી ચાલતી કે પરિચય પૂછે! આમ અજાણ્યાને પુછાય પણ કેમ? નવાઈ તો હતી જ; સાથે થોડો ડર પણ લાગતો હતો, બધાને!

થોડી વાર બધા નવાઈભેર જોતા રહ્યા. પછી ઉંદરદાદા, હિંમત કરીને ધીમે-ધીમે એ પ્રાણીની નજીક જવા તૈયાર થયા. એક જુવાન ઉંદર એમને રોકતાં બોલ્યો : ‘દાદા, રહેવા દો! આ અજાણ્યાનો કંઈ ભરોસો નહીં! નજીક જાશોને કંઈક કરશે તો?’



ચૂંચૂંનગરમાં Mouse

બીજા એક ઉંદરે, તેની વાતના સૂરમાં સૂર પુરાવતાં કહ્યું : ‘હા, સાચી વાત હોં! એને જોઈને જ બીક લાગે છે! કેવો કાળો રંગ છે! ને પૂંછડી કેવી લાંબીલચ છે!’

એક ઉંદરડી પણ ભયભીત થતાં બોલી : ‘અરે, દાદા, નાહકનો ખતરો માથે ન લો! કંઈક થશે તો? આ અજાણ્યાની શક્તિ કેટલી હશે? એની આપણને ખબર નથી! એ ભલે ચૂપ દેખાય, પણ તમે એની પાસે જાવ એ એને ન ગમે તો એ આપણને સહુને કંઈ મોટી હાનિ ન પહોંચાડે હોં!’

બધાએ જાતજાતની વાતો કહી! અનેક શંકાઓ વ્યક્ત કરી! પણ ઉંદરદાદા તો એકના બે ન થયા! એ તો આખર ડગુમગુ થતા, પેલા પ્રાણીની નજીક પહોંચી જ ગયા!

ઉંદરદાદાએ એ પ્રાણીની આસપાસ એકાદ-બે

આંટા માર્યા. ધારી-ધારીને એને જોવા લાગ્યા. બે મિનિટ કંઈ બોલ્યા નહીં. પછી એની સામે જોઈને સવાલ કર્યો : 'ઓય..! કોણ છે તું?'

